GJPM130002642021

Presented on : 27-07-2021
Registered on : 27-07-2021
Decided on : 08-05-2026
Duration : 4 years, 9 months, 12 days

**<u>મે. ગોધરા ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ,</u>**

**<u>મુ.ગોધરા.</u>**

**રેફરન્સ(ટી) અ.નં. : ૧૦૩/૨૦૨૧**
**આંક : ૧૪**

**પ્રથમ પક્ષકાર :** નેટરોયલ ઈન્ડસ્ટ્રીશ પ્રા. લી.
પ્લોટ નં.૩૧૮/૩૧૯ બાસ્કા, તા.હાલોલ,
જી.પંચમહાલ.

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર :** શ્રી મુકેશભાઈ શનાભાઈ ભાલીયા
મુ.પો.ખેડા કરમીશીયા, તા.વાઘોડીયા,
વડવાળુ ફળીયું, જી.વડોદરા.

**વિષય :– ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦ (૧) હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકાર તરફે :– વિધ્વાન વકીલશ્રી આર.બી.પટેલ

બીજા પક્ષકાર તરફે :– વિધ્વાન પ્રતિનિધિશ્રી એસ.એ.ભોઈ

**– :: એવોર્ડ ::–**

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગોધરાએ **તા.૨૨/૦૭/૨૦૨૧** થી શ્રમ અદાલત, ગોધરાને તેમના હુકમ નંબર કે.એચ./એસ.એચ.એમ.સી./ગો./**૩૧૭૦/૨૧** થી અત્રેની મજુર અદાલત, ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

શ્રી **મુકેશભાઈ શનાભાઈ ભાલીયા** ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૨) આ કામના બીજા પક્ષકારે તેમનું માંગણાનું નિવેદન **આંક–૦૬** થી રજુ કરેલ છે બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં તા.૦૧/૦૭/૧૯૯૫ થી ઈન્સફેકશન ડીપાર્ટમેન્ટમાં મજુરના હોદ્દાથી ફરજમાં હાજર થયા હતા અને તેમને ફરજના ભાગરૂપે પ્રતિમાસ રૂા.૧૪,૦૦૦/– પગાર ચુકવવામાં આવતો હતો. બીજા પક્ષકાર પાસેથી શીફટ મુજબ કામગીરી લેવામાં આવતી હતી, આઠ કલાક કરતા વધુ સમયની કામગીરી લઈ ઓવર ટાઈમના નાણા ન ચુકવી અને તે નાણા ચુકવી આપીશું તેવું જણાવી કોઈ સક્ષમ અધિકારી સમક્ષ ફરીયાદ પણ કરવા દીધલ નહી અને અયોગ્ય મજુર પ્રથાનું આચરણ કરેલ છે. વધુમાં નોકરીને લગતા દસ્તાવેજો પણ અવાર નવાર માંગણી કરવા છતાં આપેલ નથી અને જે તમામ દસ્તાવેજો પ્રથમ પક્ષકારના કબજામાં છે. બીજા પક્ષકાર ફરજમાં હાજર થયા ત્યારથી સંસ્થાની પ્રગતી થાય તેવા શુભ આશયથી ફરજ બજાવતા હતા અને આ ફરજના અરસા દરમ્યાન કયારેય કોય નોટીસ કે ઠપકો મળેલ નથી. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારની સંસ્થામાં સળંગ, અતુટ અને બ્રેક વિનાની ફરજો બજાવી આઈ.ડી. એકટની કલમ ૨૫(બી) મુજબ કાયમી કામદાર તરીકેના હકકો પ્રસ્થાપિત કરેલા છે અને નોકરીના પ્રત્યેક વર્ષમાં ૨૪૦

દીવસ કરતા વધુ સમયની કામગીરી કરેલ છે. આ કામના પ્રથમ પક્ષકાર આઈ.ડી.એકટની કલમ ૨ (જે) મુજબ ઉદ્યોગની વ્યાખ્યામાં આવે છે અને બીજા પક્ષકાર આઈ.ડી.એકટની કલમ ૨ (એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે અને કેસની હકીકતો મુજબ બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે માલીક અને કામદારના સબંધો પ્રસ્થાપિત થાય છે. બીજા પક્ષકારે નોકરીના પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દીવસ કરતા વધુ સમયની કામગીરી કરેલ હોય, પ્રથમ પક્ષકાર સંસ્તામાં આશરે ૨૫ વર્ષ કરતા વધુ સમયની સળંગ કામગીરી કરેલ હોય, ખોટા ચોરીના આક્ષેપો મુકી તેમની જગ્યાએ બીજા અંગત માણસોને કામે રાખવાની કીન્નાખોરી, આક્ષેપો પુરવાર કર્યા વીના, કોઈપણ પ્રકારની ખાતાકીય તપાસ કર્યા વીના, કોઈપણ જાતના હકક હિસ્સા ચુકવ્યા વીના, તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ આઈ.ડી.એકટની કલમ ૨૫(એચ) અને ૨૫(એફ) નો ભંગ કરી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. બીજા પક્ષકારની હાલમાં ઉંમર ૫૦ વર્ષની છે અને હાલમાં બેકાર છે, પ્રથમ પક્ષકારને નોકરીમાં લઈ લેવા અવાર નવાર રજુઆત પણ કરેલ છે. બીજા પક્ષકારની જગ્યાએ દૈનીક સમાચાર પત્રમાં જાહેરાત આપી નવા માણસો પાસે કામગીરી લેવામાં આવે છે, પ્રથમ પક્ષકાર આજે પણ કામે રાખે તો ફરીયાદમાં માંગેલ દાદ મુજબ નોકરીની સળંગતા તથા પુરેપુરા પગાર સહીત નોકરીમાં જવા સહમત છે. આમ, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી કામદારના હકકો પ્રસ્થાપિત કરેલા હોય, પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને ખોટી રીતે કામ ન હોવાનું જણાવી ગેર કાયદેસર રીતે છુટા કરવાનું ઠેરવી તમામ લાભો સહીત પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત થવાનો આદેશ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે **આંક-૦૮** થી લેખિત જવાબ રજુ થયેલ છે જેમા તેઓએ જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ

હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, માંગણા નિવેદનના પેરા નં.૧ થી ૭ ની તમામ વિગતો ખરી નથી અને કબુલ મંજુર નથી, જે તમામ હકીકતો સ્વતંત્ર દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરવી જોઈએ. વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર ધ્વારા તેઓએ આચરેલ ગુના બાબતે તેમની સામે ખાતાકીય તપાસ કરવા પ્રથમ પક્ષકાર કંપનીએ તા.૧૨/૦૮/૨૦૨૧ કંપનીના અધિકૃત અધિકારીએ તેઓએ રજીસ્ટર પોસ્ટથી પત્ર લખેલ જેમા તેઓએ ખાતાકીય તપાસમાં હાજર રહેવા જણાવેલ છે પત્રની નકલ રજુ કરેલ છે. આ કામના બીજા પક્ષકારને કંપની સંસ્થાએ તા.૨૩/૦૭/૨૦૨૧ ના રોજ કારણ દર્શક નોટીસ કમ તહોમતનામું આપેલ, જેમાં બીજા પક્ષકારની તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ બીજી શીફ્ટ હતી તેમાં ઓપરેટરની ફરજો બજાવવા હાજર થવાનું હતુ, તેમ છતાં તમો કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર અન્ય ડીપાર્ટમેન્ટમાં ગયા હતા, અને ત્યાંથી ડીઝલ ચોરી કરતા રંગે હાથે તમારા ઉપરી અધિકારીના હાથે ઝડપાઈ ગયેલ અને ત્યારબાદ તમો એકા કંપનીમાં કામ પર હાજર થયેલ નહી, તમો ફરજ ઉપર હાજર થયેલ નહી, અને ડીઝલ ચોરી કરતા ઝડપાઈ ગયેલા હતા. આ અગાઉ પણ તમોએ તમારી ફરજ પર બેદરકારી દાખવેલ છે. તમારી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિના કારણે સંસ્થાનો નમુના વહીવટી નિમયોની કલમો–૨૪(ક), ૨૪(ઘ), ૨૪(ઝ), ૨૪(ઢ) ની જોગવાઈનો છેડચોક ગંભ કરેલ છે અને ફરજ બજાવવા હાજર થવા જણાવવા છતાં ફરજ પર હાજર ન થઈ ગંભીર પ્રકારની ગેરવર્તણુંક આચરેલ છે. ફરજ ઉપર હાજર ન થઈ ઉત્પાદનનું કામ ખોરવી નાખેલ છે અને ગંભીર પ્રકારનુ ઉત્પાદનનું નુકશાન કંપનીને એકબીજાના મેળાપીપણામાં કરી ગંભીર પ્રકારની ગેરવર્તણુંક આચરેલ છે. વધુમાં બીજા પક્ષકાર ધ્વારા તા.૨૦/૦૧/૨૦૨૧ ના રોજ તેઓએ તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ ડીઝલ ચોરી કર્યા અંગેનો માફી પત્ર પણ

તેઓએ સંસ્થાને આપેલ છે, જેની નકલ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે કંપનીમાં કામ કરતા બી.ડી.ચૌહાણ પર્સનલ ડીપાર્ટમેન્ટને જાણ કરેલ કે, તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ મુકેશ ભાલીયાએ ડીઝલ કાઢુ છે, તેમ જણાવેલ તે અંગે લેખીત પત્રની નકલ આ કામે રજુ કરેલ છે. આ ઉપરાંત બીજા પક્ષકારે અગાઉ પણ તેમની ફરજ અંગે ભુલો કરેલ તે બાબતનો તેમનો તા.૦૮/૧૨/૨૦૧૩ ના રોજનો માફી પત્ર, ફરજ ઉપર ગેરહાજરી બાબતેનો તા.૧૩/૧૧/૨૦૧૩ નો હવે પછી આવુ નહી થાય તે અંગે લખેલ પત્ર, તા.૨૫/૦૨/૨૦૨૩ સંસ્થાના પર્સનલ ડીપાર્ટમેન્ટને લખેલ પત્ર જેમાં તેમના લોકરમાંથી કાતર, ટેન્ડગ્લોસ રજીસ્ટર વિગેરેની વસ્તુઓ વિના પરમીશનની વસ્તુ મળી આવેલ તે પછી હવેથી આવુ નહી થાય અને મળે તો કાયદેસરની કાર્યવાહી કરવા લખેલ પત્ર, તા.૨૨/૦૮/૨૦૦૦ ના દિવસે ફરજ ઉપર આવી શકેલ ન હોવા અંગે તા.૨૬/૦૮/૨૦૦૦ ના રોજનો માફી પત્ર વિગેરે લખી આપેલ છે જે આ કામે રજુ કરેલ છે. આમ, તમામ સંજોગોમાં બીજા પક્ષકાર માંગણા નિવેદનમાં માંગેલ દાદ પ્રથમ પક્ષકાર પાસેથી મળવાપાત્ર ન હોય અને રેફરન્સ રદ થવા પાત્ર હોય રજ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના બીજા પક્ષકાર તરફે નીચે મુજબના મૌખીક પુરાવા રજુ કરવામાં આવેલ છે જયારે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

**-:<u>મૌખીક પુરાવા</u>:-**

**આંક-૧૦** થી બીજા પક્ષકાર મુકેશભાઈ શનાભાઈ ભાલીયાનું પુરાવા સોગંદનામુ રજુ થયેલ છે.

(૫) આ કામના પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**-: <u>મૌખીક પુરાવા</u> :-**

**આંક-૧૨** થી પ્રથમ પક્ષકાર તરફે સાહેદ મનુભાઈ છત્રસિંહ સોલંકીનું

પુરાવા સોગંદનામુ રજુ થયેલ છે.

**–:<u>દસ્તાવેજી પુરાવા:</u>–**

**આંક–૦૯** થી પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| અ.નં. | દસ્તાવેજોનુ વર્ણન | તારીખ | આંક/ નિશાની |
|---|---|---|---|
| ૧ | પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ખાતાકીય તપાસ કરવા અંગે આપેલ નોટીસની નકલ | ૧૨/૮/૨૧ | નિ.૯/૧ |
| ૨ | કારણદર્શક નોટીસ કમ તહોમતનામાં ની નકલ | ૨૩/૭/૨૧ | નિ.૯/૨ |
| ૩ | અરજદારે લખી આપેલ માફી પત્રની નકલ | ૨૦/૧/૨૦ | નિ.૯/૩ |
| ૪ | પર્સનલ ડીપાર્ટમેન્ટને બી.ડી.ચૌહાણે લખેલ પત્રની નલક | ૨૨/૧/૨૦ | નિ.૯/૪ |
| ૫ | પર્સનલ ડીપાર્ટમેન્ટને અજય મીસ્ત્રી એ આપેલ પત્રની નકલ | ૨૩/૧/૨૦ | નિ.૯/૫ |
| ૬ | પર્સનલ ડીપાર્ટમેન્ટને બી.ડી.ચૌહાણે લખેલ પત્રની નકલ | – | નિ.૯/૬ |
| ૭ | અરજદારે લખી આપેલ માફી પત્રની નકલ | ૮/૧૨/૧૩ | નિ.૯/૭ |
| ૮ | એબસન હોવા બાબતની નકલ | ૧૩/૧૧/૧૩ | નિ.૯/૮ |
| ૯ | અરજદારે લખી આપેલની નકલ | ૨૪/૨/૨૩ | નિ.૯/૯ |
| ૧૦ | અરજદાર ગેરહાજર રહેવા બાબતના પત્રની નકલ | ૨૬/૮/૦૦ | નિ.૯/૧૦ |

(૬) સદર કામે પક્ષકારોને આંક–૨ થી નોટીસ કાઢવામાં આવેલ છે. જે અંગેની એકનોલેજમેન્ટ આંક–૩ થી રજુ થયેલ છે. આંક–૪ થી બીજા પક્ષકાર

તરફે વિધ્વાન વકીલશ્રી બી.આર.ત્રીવેદી નું વકીલાતનામું રજુ થયેલ છે. આંક–૫ થી બીજા પક્ષકાર તરફે વિધ્વાન પ્રતિનિધીશ્રી એસ.એ.ભોઈનું અધિકાર પત્ર રજુ થયેલ છે. આંક–૭ થી પ્રથમ પક્ષકાર તરફે વિધ્વાન વકીલશ્રી આર.બી.પટેલનું વકીલાતનામું રજુ થયેલ છે. આંક–૧૧ થી બીજા પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. આંક–૧૩ થી પ્રથમ પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. પ્રથમ પક્ષકાર તથા બીજા પક્ષકાર તરફે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ સદર કેસ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૭) આ કામના બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રી એસ.એ.ભોઈ નાઓ મૌખિક દલીલમાં જણાવે છે કે, તા.૨૫/૦૧/૨૦૨૧ ના રોજ મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીએ ફરીયાદ દાખલ કરેલી, સમાધાન શકય ન થતા રેફરન્સ થઈને આવેલ છે. અરજદારે આંક–૦૬ થી માંગણાનું નિવેદન રજુ કરી આંક–૧૦ ના પુરાવાના સોગંદનામાથી પુરવાર કરેલું છે. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ જવાબમાં ખંડન કરેલ છે અને બચાવ એવો લીધેલ છે કે ખાતાકીય તપાસ કરવામાં આવેલ છે, કાયદેસરની નોટીસ આપેલ છે. જયારે ખાતાકીય તપાસ થયેલ નથી. ચોરીનો આક્ષેપ પુરવાર થયેલ નથી. માલીક કામદારના સબંધો સાબીત થયેલ છે. આંક–૧૨ ના સંસ્થાના સાહેદે ઉલટતપાસમાં સ્વીકાર્યા મુજબ સળંગ નોકરી પુરવાર થયેલ છે. આઈ.ડી.એકટની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી હોવા છતાં ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. બીજા પક્ષકારની નોકરીનો સમયગાળો જોતા તમામ લાભો સહીત પુરેપુરા પગાર સહીત પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે.

(૮) આ કામના પ્રથમ પક્ષકારના વિધ્વાન વકીલશ્રી આર.બી.પટેલ નાઓએ મૌખીક દલીલો કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકાર નોકરી કરતા હતા તે દરમ્યાન પોતાની ફરજમાં ગંભીર બેદરકારી રાખેલ છે,

તેમજ ડીઝલ ચોરી કરતા પકડાઈ ગયેલ છે. અગાઉ પણ ફરજમાં બેદરકારી દાખવેલ છે. ગેરકાયદેસરની પ્રવૃત્તીના કારણે કંપનીની શાખ અને આબરૂને માઠી અસર પહોંચેલ છે. જયારે ગેરકાયદેસરની પ્રવૃત્તીના કારણે સંસ્થાના વહીવટી નિયમ-૨૪(ક) નો ભંગ કરેલ છે. વધુમાં સંસ્થાએ આંક-૦૯ થી દસ્તાવેજો રજુ કરેલ છે, તેમજ બીજા પક્ષકારે માફી પત્ર લખી આપેલ છે અને તેના કારણે ખાતાકીય તપાસ કરેલ નથી. તેથી પુન:સ્થાપિત ન કરતા રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૯) સમગ્ર કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું બીજા પક્ષકાર પુરવાર રે છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હતા અને તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે ?

(૨) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૩) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ-૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી છે ?

(૪) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓનો પ્રથમ પક્ષકાર ધ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે ?

(૫) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ ?

**(૧૦) ઉપરોકત મુધ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.**

**–:: નિર્ણય ::–**

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) હકારમાં.

(૫) અંશત:હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

**(૧૧)** ઉપરોકત મુધ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–: કારણો:–**

**(૧૨) મુધ્દા નં.૧ ::–**

આ કામના બીજા પક્ષકાર દવારા રજુ કરેલ પુરાવો જોતા આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના આંક–૦૬ ના માંગણાના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૦૭/૧૯૯૫ થી ઈન્સપેકશન ડીપાર્ટમેન્ટમાં મજુર તરીકે ફરજ બજાવતા હોવાની હકકીત જણાવેલ છે, વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં નોકરી કરતા હતા તે બાબતે કોઈ તકરાર લીધેલ નથી કે ઈન્કાર પણ કરેલ નથી. આ કામના બીજા પક્ષકાર આ બાબતે તેઓના આંક–૧૦ ના મૌખીક પુરાવામાં સમર્થનકારી પુરાવો આપેલ છે. વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૨ ના સાહેદે ઉલટ તપાસમાં સ્વીકાર્યા મુજબ આ કામના બીજા પક્ષકાર અમારી સંસ્થામાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા તેમજ આ કામના બીજા પક્ષકારે તા.૦૧/૦૭/૧૯૯૫ થી તા.૦૬/૦૨/૨૦૨૦ સુધી સળંગ ફરજ બજાવતા હતા તેવું સ્વીકારેલું છે. આમ આ પુરાવો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરતા

હોવાની હકીકતનો સ્વીકાર કરતા હોઈ સદરહુ હકીકત નહી માનવાને કોઈ કારણ નથી, તેમજ બીજા પક્ષકારની કામગીરી જોતા તેઓ મેનેજમેન્ટ કે સુપરવાઈઝરી કે એડમીનીસ્ટ્રેશન પ્રકારની કામગીરી કરતા ના હોઈ તે સંજોગોમાં કાયદાની કલમ **2(S)** ધ્યાને લેતાં બીજા પક્ષકારનો ઔદ્યોગિક વિવાદ ધારા મુજબ કામદાર ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. તથા ઉપર જણાવ્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં ઓપરેટરની કામગીરી કરતા હોય તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેમ સાબીત કરવામાં સફળ રહેલ હોય **મુધ્દા નં.૧** નો નિર્ણય **હકારમાં** આપવામાં આવે છે.

**(૧૩) મુધ્દા નં.૨ ::-**

આ કામે બીજા પક્ષકાર ધ્વારા પોતાના આંક-૦૬ ના માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકાર ધ્વારા ૨૫ વર્ષ કરતા વધુ સમયની કામગીરી કરેલ હોય, ખોટા ચોરીના આક્ષેપો મુકી મારી જગ્યાએ બીજા તેમના અંગત માણસોને કામે રાખવાની કિન્નાખોરી, આક્ષેપો પુરવાર કર્યા વિના કોઈપણ પ્રકારની ખાતાકીય તપાસ કર્યા વિના, કોઈપણ જાતના હકક હીસ્સા ચુકવ્યા વિના તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ આઈ.ડી.એકટની કલમ-૨૫(એચ) અને ૨૫(એફ) નો ભંગ કરી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. તેમની નોકરી ના સમયગાળા દરમ્યાન બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરી તેમજ તેઓની આંક-૧૦ ની સરતપાસના પુરાવામાં પણ તેઓ દવારા આ જ બાબતેનો મૌખીક પુરાવો આપેલ છે. જયારે આ સાહેદની ઉલટતપાસમાં એવી હકીકત આવેલ છે કે અમો પ્રથમ પક્ષકાર કંપનીમાં તા.૦૧/૦૭/૧૯૯૫ ના રોજ ઓપરેટરના હોદ્દા ઉપર ફરજમાં જોડાયેલા હતા. અમોને કંપની ધ્વારા ઓવરટાઈમ આપતા ન હોવાની કોઈ ફરીયાદ મજુર અધિકારીને કરેલ નથી. અમોએ અમારી સાથે અયોગ્ય મજુર આચરણ કરેલ હોવાની ફરીયાદ કરેલ

નથી. જયારે ડીઝલ ચોરી કરતા પકડેલ હતા તેનો ઈન્કાર કરેલ છે. તેમજ જાતે આવતા બંધ થઈ ગયેલાનો ઈન્કાર કરેલ છે. વધુમાં સ્વીકારેલું છે કે, મને કોર્ટના રેકર્ડ માંથી નિ.૯/૩ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે અમોએ ડીઝલ ચોરી બાબતે કંપનીને માફીનામું લખી આપેલ તે છે તેમાં મારી સહી છે. સાહેદ જણાવે છે કે અમોએ ચોરી કરેલ નહી, સાફ કરવા માટે ડીઝલ લીધેલ હતું. આ હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે, જયારે પ્રથમ પક્ષકાર તરફે બચાવ એવો લીધેલ છે કે, ડીઝલ ચોરી કર્યા બાદ કામ ઉપર આવવાનું બીજા પક્ષકારે બંધ કરેલ હતું, જયારે ઉલટ તપાસમાં તેઓ એવું જણાવે છે કે કંપનીના ગેટમાંથી જવા દેતા ન હતા. આમ, જયારે બીજા પક્ષકારને કંપનીમાં પ્રવેશ જ ના મળે તો બીજા પક્ષકાર કામ ઉપર જઈ જ ના શકે. જયારે રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા પ્રથમ પક્ષકારને નિ.૯/૧ થી ખાતાકીય તપાસ કરવા અંગેની નોટીસ આપેલી છે. તેમજ નિ.૯/૨ થી કારણ દર્શક નોટીસ કમ તહોમતનામું આપેલ છે. આમ, એકબાજુ પ્રથમ પક્ષકાર એવું જણાવે છે કે, બીજા પક્ષકાર કામ ઉપર આવવાનું બંધ કરેલ છે, જયારે આ કામના બીજા પક્ષકારને કારણદર્શક નોટીસ કમ તહોમતનામું આપેલ છે, તેમજ ખાતાકીય તપાસનું સ્થળ પણ નકકી થયેલું છે તેવા સંજોગોમાં બીજા પક્ષકારને કંપનીમાં પ્રવેશવા ન દીધેલ હોય તે ન માનવાને કારણ નથી. તેમજ બીજા પક્ષકાર સતત ગેરહાજર રહેતા હોય કે, સ્વૈચ્છાએ નોકરી છોડી ગયેલ હોય કે, તેઓને ફરજ પર હાજર થવા કોઈ પત્ર કે જાણ લેખીતમાં કરેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી કે તેવો પ્રથમ પક્ષકારનો કેસ પણ નથી. આમ અગાઉ ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના કામદાર છે જે સંજોગોમાં બીજા પક્ષકાર ધ્વારા તેમના પુરાવા સોગંદનામામાં જણાવેલ હકીકત કે તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા છુટા કરવામાં આવેલ છે તેવી હકીકત જણાવેલ છે તે નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી. વધુમાં આ કામના

પ્રથમ પક્ષકાર તરફે આ કામના બીજા પક્ષકારને નિ.૯/૨ થી કારણદર્શક નોટીસ કમ તહોમતનામું આપેલ છે તેમજ નિ.૯/૧ ના પત્ર થી ખાતાકીય તપાસ કરવાની જાણ કરેલ છે. પરંતુ ત્યારબાદ ખાતાકીય તપાસ કયારે ચાલુ કરી, કયારે પુર્ણ કરી તે બાબતે કોઈ જ દસ્તાવેજો રજુ થયેલા નથી. આમ, પ્રથમ પક્ષકારે કોઈ લેખીત હુકમથી છુટા કરેલ હોય તેવો હુકમ પણ રજુ કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદે આંક-૧૨ થી કબુલ કરેલ છે કે, આ કામના બીજા પક્ષકારને તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ બરતરફ કરવામાં આવેલ છે. તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા સદરહું હકીકત વિરૂધ્ધનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તે સંજોગોમા બીજા પક્ષકાર તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે જેથી **મુધ્દા નં.૨** નો નિર્ણય **હકારમાં** આપવામાં આવે છે.

**(૧૪) મુધ્દા નં.૩ ::-**

આ કામે બીજા પક્ષકાર ધ્વારા પોતાના આંક-૦૬ ના માંગણા નિવેદન તથા આંક-૧૦ ના પુરાવા સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં ઈન્સપેકશન ખાતામાં મજુર તરીકેની કામગીરી કરતા હોવાની અને આવી કામગીરી તેઓ નોકરીમાં હાજર થયા તા.૦૧/૦૭/૧૯૯૫ થી છુટા કરેલ તા.૦૬/૦૨/૨૦૨૦ સુધી વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે, જયારે પ્રથમ પક્ષકાર તરફે તેઓની આ હકીકતનો ઈન્કાર કરેલ નથી તેમજ પ્રથમ પક્ષકારના સાહેદે તેઓની આંક-૧૨ ની સોગંદ ઉપરની જુબાનીમાં ઉલટ તપાસમાં આ કામના બીજા પક્ષકારે તા.૦૧/૦૭/૧૯૯૫ થી તા.૦૬/૨/૨૦ સુધી સળંગ ફરજ બજાવતા હતા તેવું સ્વીકારેલું છે. આમ પ્રથમ પક્ષકાર સંસ્થા દવારા બીજા પક્ષકાર દવારા સળંગ નોકરી નહી કરેલ હોય કે ૨૪૦ દિવસની કામગીરી નહી કરેલ હોય તે રેકર્ડ ઉપર લાવવા માટે કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી, વધુમાં આ

બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **એકઝીકયુટીવ ઈન્જીનીયર(સ્ટોર્સ), આર એન્ડ બી ડીવીઝન, અમદાવાદ વિ.હર્ષા એમ. જાની** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, જયારે કામદારે સોગંદ ઉપર જણાવેલ કે તે નોકરીમાં હતા અને ૨૪૦ દિવસ સતત નોકરી પુર્ણ કરેલ છે પરંતું દેખીતી રીતે ૨૪૦ દિવસની નોકરી પુર્ણ કર્યાનુ સાબીત કરવા માલીક ધ્વારા કોઈ પુરાવો પુરો પાડવામાં ન આવ્યો હોય ત્યારે જે ક્ષણે કામદાર માલીક વિરુધ્ધ કાયદાકીય પુરાવા એટલે કે, પોતાના સોગંદ પરના પુરાવાથી રજુ કરે તો પુરાવાનો ભાર કામદાર પર ન રહેતા માલીક પર ખસે છે અને માલીકે કામદારનો દાવો ખોટો હોવાનો સાબીત કરવાનુ રહે છે જે કામદાર મૌખિક પુરાવાથી પોતાનો કેસ સાબીત કરે તો માલીકે સમગ્ર અસલ દસ્તાવેજો નામદાર કોર્ટમાં રજુ કરવા પડે અને જો માલીક એવા પુરાવા રજુ ન કરે તો તેની સામે વિરુધ્ધનું અનુંમાન થઈ શકે અને હાલના કેસમાં પણ કોઈ વિરૂધ્ધની હકીકત પુરવાર કરવા કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી, આ તમામ હકીકત ધ્યાને લેતાં તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેમજ ચુકાદામાં પ્રસ્થાપીત સીધ્ધાંતો ધ્યાને લેતા બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં છુટા કર્યાના અગાઉના ૧૨ માસ એટલે કે, તા.૦૧/૦૭/૧૯૯૫ થી તા.૦૬/૦૨/૨૦૨૦ દરમ્યાન ૨૪૦ દિવસથી ઓછી નહી તેટલા દિવસની કામગીરી કરી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ હોવાનું બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ હોય **મુધ્દા નં.૩** નો નિર્ણય **હકારમાં** આપવામાં આવે છે.

**(૧૫) મુધ્દા નં.૪ ::–**

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના આંક–૦૬ ના માંગણાના નિવેદન તથા આંક–૧૦ ના પુરાવાના સોગંદનામામાં જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકારે તેઓને નોટીસ આપ્યા બાદ ખાતાકીય તપાસ કરીને છુટા કરેલ નથી.

કે નોટીસ વળતર આપ્યા સિવાય કે કોઈ પણ તપાસ કર્યા સિવાય તેમને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ, બીજા પક્ષકારની સોગંદ ઉપરની આ હકીકત વિરૂધ્ધની કોઈ હકીકત પ્રથમ પક્ષકાર તરફેની ઉલટતપાસમાં આવેલ નથી, પ્રથમ પક્ષકાર ધ્વારા તેમના જવાબમાં બીજા પક્ષકારને ગેરકાયદેસરની પ્રવૃત્તી માટે નોટીસ કમ ચાર્જશીટ આપેલી છે, અને ચાર્જશીટ મળે ૪૮ કલાકમાં નીચે સહી કરનારને તમારો કોઈ લેખીત ખુલાસો હોય તો રજુ કરવો, જો તમારો કોઈ ખુલાસો મળશે નહી તો આક્ષેપો કબુલ છે તેમ માની કંપની આગળ કાયદેસરની કાર્યવાહી કરશે. જો તમો ખુલાસો રજુ કરશો અને સંતોષકારક નહી હોય તો કંપની નમુનાના વહીવટી નિયમો પ્રમાણે કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે, જેની નોંધ લેશો. પરંતુ ત્યારબાદ આગળની કોઈ તપાસ કરેલ નથી કે સંસ્થા ધ્વારા તપાસેલ આંક–૧૨ ના સાહેદે પણ ઉલટતપાસમાં સ્વીકાર્યા મુજબ નોટીસો બાબતે કોઈ ખાતાકીય તપાસ થયેલ નથી. બીજા પક્ષકાર ધ્વારા સોગંદ પર જણાવેલ હકીકતનું ખંડન કરવા પ્રથમ પક્ષકાર ધ્વારા નોટીસ વળતર કે કોઈ પણ ઈન્કવાયરી કરેલ હોય તેવો મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે પ્રથમ પક્ષકારનો તેવો કેસ નથી, પ્રથમ પક્ષકાર તરફે છટણી વળતર આપ્યા અંગેનો પુરાવો પણ રજુ થયેલ ન હોઈ, તેમજ અગાઉ મુદ્દા નં.૩ માં ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી હોઈ, તે સંજોગોમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ) નું પાલન કર્યા સિવાય છુટા કરેલા હોય તે રીતે બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ છે તે સંજોગોમાં બીજા પક્ષકારે તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ હોય **મુદ્દા નં.૪** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**(૧૬) મુધ્દા નં.૫ ::–**

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર કાયમી નોકરીમાં હોય તેમજ તેઓ ધ્વારા છુટા કર્યાના અગાઉ ના વર્ષ દરમ્યાન સળંગ ૨૪૦ દિવસ નોકરી કરેલ હોય તેમજ બીજા પક્ષકારને કાયદાની કલમ–૨૫ (એફ) નો ભંગ કરી ગેરકાયદેસર છુટા કરેલ હોય તે સંજોગોમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર તેઓના માંગણાના નિવેદનમાં માંગ્યાં મુજબની દાદ મેળવવા હકદાર થાય છે કે કેમ તે નકકી કરવાનું રહે છે, આ બાબતે બીજા પક્ષકાર તરફે દલીલ કરવામાં આવેલ છે કે, સંસ્થા દવારા આટલા લાબાં સમય સુધી બીજા પક્ષકારને તેઓના કાયદેસરના હકકથી વંચીત રાખવામાં આવેલ છે જે ધ્યાને લઈને બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે નોકરીની સળંગતા સાથે નોકરીમાં પુન:સ્થાપીત કરવાનો હુકમ કરવા અરજ કરેલ છે, આ અંગે સૌ પ્રથમ બીજા પક્ષકારની ઉંમર ધ્યાને લેવી જરૂરી બને છે જે મુજબ બીજા પક્ષકાર દવારા મજુર કમિશ્નરશ્રી સમક્ષની ફરીયાદમાં તેઓની ઉંમર ૪૭ વર્ષ હોવાનું જણાવેલ છે જે ફરીયાદ સને–૨૦૨૦ માં આપેલ છે તેમજ તેઓના પુરાવાના સોગંદનામામાં તેઓની ઉંમર ૫૦ વર્ષ જણાવેલ છે તેમજ પુરાવાના સોગંદનામાં સાથે આધાર કાર્ડ રજુ કરેલ છે જેમાં જન્મ તારીખ ૦૯/૦૪/૧૯૭૪ જણાવેલી છે. જેથી ફરીયાદ ધ્યાને લેતા હાલમાં બીજા પક્ષકારની ઉંમર પર વર્ષની હોવાનું જણાય છે, જેથી તેઓની નોકરીનો સમય હજુ બાકી છે, વધુમાં આ બાબતે આ કામના બીજા પક્ષકાર દવારા સંસ્થામાં તેઓ કરતા હતા તેવી કામગીરી ચાલું હોવાનું અને તેઓની જગ્યાએ બીજા કોઈ વ્યકતી આવી કામગીરી કરતા હોવાની હકીકત જણાવેલ છે પરંતું આ લગત કોઈ સમર્થનકારી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેવા સંજોગોમાં બીજા પક્ષકાર ઓપરેટર તરીકે કામગીરી કરતા હતા પરંતું આવી કામગીરી હાલમાં ચાલું હોવાનું તેમજ બીજા નવા કામદારો દવારા આવી

કામગીરી કરાવામાં આવતી હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી, જેથી પ્રથમ પક્ષકાર દવારા તેઓને કાયદાની કલમ–૨૫(એફ) નો ભંગ કરીને છુટા કરેલ હોવા માત્રથી તેઓ નોકરીમાં પુનઃસ્થાપીત થવા હકદાર થાય કે કેમ તે નકકી કરવાનું રહે, તેઓને પુનઃસ્થાપીત કરવામા આવે તો પણ તેઓને ફરી છુટા કરવાનો પ્રથમ પક્ષકાર પાસે વિકલ્પ ખુલ્લો રહેતો હોઈ તેમજ હાલના બીજા પક્ષકારનો કામકાજનો પ્રકાર ધ્યાને લેતા તેઓ દવારા સંસ્થામાં તા.૦૧/૦૭/૧૯૯૫ થી તા.૦૬/૦૨/૨૦૨૦ સુધીના સમય દરમ્યાન ૨૫ વર્ષ જેટલા સમય સુધી કામગીરી કરેલ છે તેમજ બીજા પક્ષકારને તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ છુટા કરવામાં આવેલ હોય નોકરીનો અંત ૦૬ વર્ષ પહેલા આવેલ છે. આ તમામ બાબતો ધ્યાનમાં લેતા બીજા પક્ષકાર છટણી નો ભય ન રહે તે હેતુથી પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવાનું ન્યાયોચીત જણાતુ નથી પરંતું તેના બદલે ઉચ્ચક વળતર અપાવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમાં બીજા પક્ષકારને કેટલું વળતર અપાવવું જોઈએ તે સંદર્ભે હાલના કેસની હકીકતો ધ્યાને લેતા, બીજા પક્ષકારે અન્ય જગ્યાએ નોકરી શોધવા પ્રયત્ન કરેલ હોય તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા તેમજ તેઓના માંગણાના નિવેદનમાં તથા પુરાવાના સોગંદનામામાં તેઓનો માસીક રૂ.૧૪,૦૦૦/– પગાર હોવાનું જણાવેલ છે તેમજ પ્રથમ પક્ષકાર દવારા વિરૂધ્ધનો કોઈ પુરાવો રજુ કરેલ ના હોય તેવા સંજોગોમાં બીજા પક્ષકારને માસીક રૂ.૧૪,૦૦૦/– ચુકવવામાં આવતા હોવાનું પુરવાર થાય છે જેથી આ રકમ વળતર ના હેતુ માટે ધ્યાને લેવાની રહે છે. આમ આ તમામ સંજોગો ધ્યાને રાખતા બીજા પક્ષકારે ૨૫ વર્ષ દરમ્યાન પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરેલ હોવાની હકીકત ધ્યાને લેતા, તેમજ બીજા પક્ષકારની નોકરીનો અંત ૦૬ વર્ષ પહેલા આવેલ હોઈ સદરહું ૦૬ વર્ષ દરમ્યાન

એડમીટેડલી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કોઈ કામગીરી કરેલ નથી તેમજ બીજા પક્ષકાર દવારા આ સમય દરમ્યાન તેઓ બેકાર રહેલ હોવાનો કોઈ આધારભુત પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ આટલા લાંબા સમય સુધી બીજા પક્ષકાર કોઈ આવક મેળવ્યા સિવાય બેસી રહેલ હોય તેવું માનવાને કોઈ કારણ જણાતું નથી જેથી બીજા પક્ષકારને માસીક રૂા.૧૪,૦૦૦/–ના પગાર આધારે આશરે વાર્ષિક આવક ધ્યાને લેતાં સાથે બીજા પક્ષકારે ૨૫ વર્ષ દરમ્યાન કરેલ કામગીરી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કરેલ હોવાની હકીકત ધ્યાને લેતા બીજા પક્ષકારને આ સમયને અનુંરૂપ ઉચ્ચક વળતર અપાવવાનું ન્યાયોચીત જણાય છે, વધુમાં રેફરન્સના ખર્ચની વ્યાજબી રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાય તેમ હોય બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસો ના પગાર મેળવવા હકદાર થતા ના હોય પરંતુ યોગ્ય ઉચ્ચક વળતર તથા ખર્ચ મેળવવા ચોકકસથી હકકદાર થતા હોય આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના BHIKHABHAI FATABHAI SOLANKI Vs. EXECUTIVE ENGINEER, NARMADA PROJECT CANAL SYSTEM & ANR. LPA NO. 908 of 2023 ના ચુકાદાના પેરા નં.૧૦ માં અવલોકન કરેલ છે તે મુજબ,

> 10. Having come to the conclusion that the lump sum compensation would be appropriate remedy for the families of the deceased workmen, the other aspects which comes for consideration is quantum of lump sum compensation. Though learned advocate Mr. Bhatt has contended that there was delay in preferring the complaint and the subsequent reference, it can be observed from the pleadings that the averments with regard to delay and laches in preferring the reference were not made before the labour court as well as the learned Single Judge.

Therefore, the argument of learned advocate Mr. Bhatt with regard to delay and laches in preferring reference cannot be countenanced and what needs to be seen is that almost all the workmen have put in 16-20 years of service for the respondent and their services were terminated without following due procedure of law. Therefore, the families of the deceased workmen needs to be compensated proportionally as to the number of years of service put in by them. However, in order to balance the equation, we have considered to give effect of delay in preferring the reference while enhancing the amount of compensation. Thus, while calculating the number of years of services, we proposed to deduct the number of years service for which there is delay in preferring reference. After deduction of such number of service, we propose to give compensation in the following tabular form:

| Sr. No. | Total no. of years for lump sum compensation | Amount of lump sum compensation |
|---|---|---|
| 1. | 5 to 10 years | Rs.3.00 lacs |
| 2. | 10-15 years | Rs.5.00 lacs |
| 3. | 15-20 years | Rs.7.5 lacs |

આ ચુકાદામાં અવલોકન કર્યા મુજબ ઉચ્ચક વળતરનો હુકમ કરવો યોગ્ય જણાતો હોય તે મુજબ **મુદ્દાનં.૫** નો નિર્ણય તે રીતે **અંશત:હકારમાં** આપવામાં આવે છે.

**(૧૭) મુદ્દા નં.૬ ::–**

ઉપરોકત મુદ્દા નં.૧ થી ૫ ના નિર્ણયો તથા કારણો ધ્યાને લેતા મુદ્દા નં.૬ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના પ્રથમ પક્ષકારનો હાલનો રેફરન્સ આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ, સળંગ નોકરીથી, નોકરીમાં પુન:સ્થાપિત કરવાના બદલે મળવાપાત્ર તમામ હકક–હીસ્સા પેટે ઉચ્ચક કુલ રકમ **રૂા.૭,૫૦,૦૦૦/– (અંકે રૂપીયા સાત લાખ પચાસ હજાર પુરા)** ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આ રેફરન્સના ખર્ચના **રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા)** ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) હાલનો રેફરન્સ/એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

**તા.૦૮/૦૫/૨૦૨૬**
**સ્થળ :– ગોધરા**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
**Code No.: GJ01461**
**પ્રિસાઈડીંગ ઓફીસર**
**મજુર અદાલત,ગોધરા.**